૬

ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગરના હોલને અનુરૂપ ભાડાના દર નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અબડ-૧૦૧૬- ૨૩૫૪૬૫-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩-૫-૨૦૧૭

વંચાણે લીધાં

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો તા.૧૮-૩-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ-અજાક/મ-૪/૫૨/૨૦૧૬/૧૭૨૦-૧૭૨૧

ઠરાવઃ-

ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગરના હોલને અનુરૂપ ભાડાના દર નકકી કરવા બાબતે વંચાણે લીધાં ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના તા.૧૮-૩-૨૦૧૬ ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની ડો.બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગરના હોલને અનુરૂપ ભાડાના દર નકકી કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | શીફ્ટનોસમય | દર | વ્યવસાયિક હેતુ માટે | |
|---|---|---|---|---|---|
| | | | | શીફ્ટનો સમય | દર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અનુસૂચિત જાતિ માટે | ૩ કલાક | ૧૦૦૦/- | પહેલી શીફ્ટ ૩ કલાક | ૨૫૦૦/- |
| | | | | બીજી શીફ્ટ ૩ કલાક | ૩૦૦૦/- |
| | | વધારાના કલાક કે તેના ભાગ માટે | ૨૦૦/- | ત્રીજી શીફ્ટ ૩ કલાક | ૪૦૦૦/- |
| | | | | વધારાના કલાક કે તેના ભાગ માટે | ૩૦૦/- |
| ૨ | અન્ય માટે | ૩ કલાક | ૨૫૦૦/- | પહેલી શીફ્ટ ૩ કલાક | ૩૫૦૦/- |
| | | | | બીજી શીફ્ટ ૩ કલાક | ૪૫૦૦/- |
| | | વધારાના કલાક કે તેના ભાગ માટે | ૩૦૦/- | ત્રીજી શીફ્ટ ૩ કલાક | ૫૦૦૦/- |
| | | | | વધારાના કલાક કે તેના ભાગ માટે | ૪૦૦/- |

અનુસૂચિત જાતિ માટે સામાજિક, શૈક્ષણિક ,સાહિત્ય કાર્યક્રમો માટે ડિપોઝિટ તથા લાઇટબીલ લેવાનું રહેશે નહીં જયારે અન્ય જાતિના લોકો માટે તથા વ્યવસાયિક હેતુ માટે લાઇટબીલ પેટે રૂ. ૨૫૦૦/- તથા ડીપોઝીટ રૂ. ૫૦૦૦/- લેવાની રહેશે. જમણવારનું આયોજન હોય ત્યારે સફાઇ ખર્ચ પેટે અનુસૂચિત જાતિ માટે રૂ. ૫૦૦/- અને અન્ય જાતિમાટે રૂ. ૧૦૦૦/- લેવાના રહેશે.

રાજયના અન્ય જિલ્લાઓ માટે ડો. બાબાસાહેબ આંબેડકર ભવનો માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે જિલ્લાના નાયબ નિયામકશ્રીઓ સાથે ચર્ચા કરીને ડો.બાબાસાહેબ આંબેડકર ભવનોના ભાડાનાં દરો સૂચવવાનાં રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર માન. મંત્રીશ્રી (સા.ન્યા) ની તારીખ-૧-૫-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાનાઃ
માન. મુખ્યમંત્રીશ્રીના ના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, (સામાજીક ન્યાય )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
તમામ નાયબ નિયામકશ્રીઓ (નિયામકશ્રી અ.જા.ક મારફત)
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)(નિયામકશ્રી અ.જા.ક.મારફત)
સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેક્ટ ફાઇલ..